## એક જ રટણા...

ઉચ્છ્વાસે નિઃશ્વાસે મારી એક જ રટણા હો
તું મુજમાં તુજ ધામ રચી જા, એ શુભ ઘટના હો..
હે ઉન્નતગિરિ શૃંગ નિવાસી,
અમ ભૂતલનો તું બન વાસી;
અણુ-અણુમાં તું રહે હુલાસી,
મુજ તુજ બીચ હવે હે પ્રીતમ
    અંતરપટ ના હો ...

હે અજરા તેજોના રાશિ,
અમ અંધારાં જા તું પ્રકાશી;
વખડાં જા ધરતીના પ્રાશી,
અમ જ્યોતિના એ પંકજને
    ઝાંખ ઝપટ ના હો...

હે આનંદ પરમના જલધિ,
અમ ઝરણાની સંહર અવધિ;
અમ કલશે સંભર નવ રસધિ,
પંથ પંથ ભણકારા તારી
    પદ આહટના હો...

– સુન્દરમ્

જન્મદિને (તા. ૨૨મી માર્ચ) - સ્મૃતિ વંદના સહિત...

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2025
MARCH
૧ માર્ચ, ૨૦૨૫

**– Unshakeable Faith –**

**– અચલ શ્રદ્ધા –**


Sri Aurobindo is always
with us, enlightening,
guiding, protecting.
We must answer
to his grace by a
perfect faithfulness.
With my blessings

**Sri Aurobindo** is always with us, enlightening guiding, protecting. We must answer to his grace by a perfect faithfulness.

With my blessings

**– The Mother**

**શ્રી અરવિન્દ** હમેશાં આપણી સાથે છે, આપણને પ્રકાશ આપતા, દોરતા, રક્ષણ કરતા, એમની કૃપાને આપણે એક સંપૂર્ણ વફાદારીથી પ્રત્યુત્તર આપવો જોઈએ.

મારા આશીર્વાદ સાથે

**– શ્રી માતાજી**

Mantras of the Mother - 14 August 1954 / શ્રી માતાજીના મંત્રો - ૧૪ ઑગસ્ટ ૧૯૫૪

## - THE AIM OF OUR YOGA -

**The yoga we practice** is not for ourselves alone, but for the Divine; its aim is to work out the will of the Divine in the world, to effect a spiritual transformation and to bring down a divine nature and a divine life into the mental, vital and physical nature and life of humanity… The first process of the yoga is to make the *Sankalpa* of the ātmasamarpana. Put yourself with all your heart and all your strength into God's hands. Make no conditions, ask for nothing… except that in you and through you his will may be directly performed.

The next process is to stand aside and watch the working of the divine power in yourself.

The third process of the yoga is the vision of God everywhere and in all things and in all happenings, the surrender of the fruits of action and action itself to God, and the freedom thereby from ignorance, …

… Four things are necessary for Siddhi *śāstra*, *utsāha*, *guru* and *kāla* – Your path is that which I am pointing out, the *utsāha* needed is this *anumati* and this *nitya smarana*, the Guru is God himself and for the rest only time is needed.

… Never be troubled by the time that is being taken, … have the *utsāha*, and leave God to do the rest. It is a tremendous work that is being done in you, the alteration of your whole human nature into a divine nature …

**– Sri Aurobindo**

Compiled from 'THE YOGA AND ITS OBJECTS'

## - આપણા યોગનું લક્ષ્ય -

**આપણે જે યોગની સાધના** કરી રહ્યા છીએ તે ફક્ત આપણા પોતાને માટે જ નથી, આપણો આ યોગ તો પ્રભુને માટે છે. પ્રભુના સંકલ્પને જગતની અંદર પાર પાડવો. એક આધ્યાત્મિક રૂપાંતર સિદ્ધ કરવું, તેમ જ માનવજાતિની જે મનોમય, પ્રાણમય અને શારીરિક રીતની પ્રકૃતિ છે તથા એ રીતનું જીવન છે તેમાં એક દિવ્ય પ્રકૃતિ અને દિવ્ય જીવન નીચે લઈ આવવાં એ આ યોગનું લક્ષ્ય છે. ...યોગની પહેલી ક્રિયા છે આત્મસમર્પણનો સંકલ્પ. તમારી સમસ્ત ભાવના અને બળ એકત્ર કરીને તમે તમારી જાતને પ્રભુના હાથમાં મૂકી દો. કશી શરતો ન કરશો, કશું માગશો નહિ સિવાય કે તમારી અંદર અને તમારા દ્વારા પ્રભુની ઇચ્છા સીધે સીધી કાર્ય કરતી થાય.

યોગની બીજી ક્રિયા છે એક તટસ્થતા પ્રાપ્ત કરીને, તમારી અંદર કાર્ય કરી રહેલી દિવ્ય શક્તિની ક્રિયાઓનું અવલોકન કરતા રહેવું.

યોગ સાધનાની ત્રીજી ક્રિયા તે આ : સર્વ સ્થળે સર્વ પદાર્થોમાં અને સર્વ ઘટનાઓમાં પ્રભુનું દર્શન કરવું. કર્મનું ફળ તથા કર્મનું પોતાનું પણ પ્રભુને સમર્પણ કરવું અને તે સમર્પણ દ્વારા અજ્ઞાનમાંથી મુક્તિ પ્રાપ્ત કરવી. ...

સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ચાર વસ્તુઓ જરૂરી છે - શાસ્ત્ર, ઉત્સાહ, ગુરુ અને કાળ. હું જે બતાવી રહ્યો છું એ છે તમારો સાધના પથ. તમારે જે ઉત્સાહ રાખવાનો છે તે છે તમારી અનુમતિ અને તમારું નિત્ય સ્મરણ, ગુરુ છે પ્રભુ પોતે જ, અને બાકીની વસ્તુઓ માટે ફક્ત કાળનો પરિપાક જ થવાનો રહે છે.

... ... તમારી સાધનામાં જે સમય વ્યતીત થઈ રહ્યો છે તે માટે ચિંતા ન કરશો. ઉત્સાહ ધારણ કરજો અને બાકીનું કામ પ્રભુના હાથમાં છોડી દેજો. તમારી અંદર એક વિરાટ કાર્ય થઈ રહ્યું છે. તમારી સમગ્ર માનવ પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી નાખવાની છે...

– શ્રી અરવિન્દ

'યોગ અને તેનાં લક્ષ્ય' માંથી સંકલિત.

અનુ. સુન્દરમ્